# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-11-2024** **Midday : 2.30 to 2.35pm**
**Day: Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## BHAI BIJ

આજે રાજય સહિત સમગ્ર દેશમાં ભાઈબીજનો તહેવાર ઉજવાઇ રહ્યો છે. હર્ષોલ્લાસના વાતાવરણ વચ્ચે ભાઈ-બહેનના ઘરે જમીને નવું વર્ષ શુભદાયી, ફળદાયી અને લાભદાયી નીવડે તેની શુભેચ્છા મેળવશે. ભાઇબહેનના પ્રેમ અને પવિત્ર બંધનના પ્રતીક સમી ભાઇબીજને યમદ્વીતીયા પણ કહેવાય છે.

પૌરાણિક કથા અનુસાર યમરાજ બહેન યમુનાને મળવા આવ્યા ત્યારબાદથી ભાઇબીજની ઉજવણીની શરૂઆત થઇ હતી. ભાઇબીજમાં બહેન ભાઇને તીલક કરી નાળીયેર આપે છે અને ભાઇના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્યની કામના કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાઈબીજના તહેવાર નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ આ શુભ તહેવાર ભાઈઓ અને બહેનો વચ્ચેના સ્નેહમાં વધારો કરે તેવી આશા વ્યક્ત કરી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશવાસીઓને ભાઈબીજના તહેવારની શુભેચ્છા પાઠવતાં એક સોશિયલ મીડિયાના સંદેશમાં પ્રેમ, સમર્પણ અને ભક્તિના આ તહેવાર તમામ લોકોને જીવનમાં અનેક ખુશીઓ લઈને આવે તેવી પ્રાર્થના કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના નાગરિકોને ભાઇબીજની શુભેચ્છા આપતાં જણાવ્યું હતું કે, આ પર્વ આપના જીવનમાં નવી ખુશીઓ લઇને આવે અને સમાજજીવનને વધુ સંતુલિત અને પ્રગતિલક્ષી બનાવે તેવી અભ્યર્થના.

## tourist destinations

*રાજયના* વિવિધ યાત્રાધામો અને પ્રવાસન સ્થળોએ દીવાળીની રજાઓ માણવા માટે પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે. ખાસ કરીને દીવ, દમણ, સાસણગીર, દ્વારકા, સોમનાથ, અંબાજી, શામળાજી, સાપુતારા સહિત અનેક સ્થળોએ દિવાળીની રજાઓ માણતા પ્રવાસીઓ જોવા મળી રહ્યાં છે.

દીવના પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે કે, કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં આવેલા નાગવા બીચ પર મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા છે. આ ઉપરાંત

દીવ કિલ્લો, ચર્ચ, ખૂકરી મેમોરીયલ સહિતના અન્ય જોવાલાયક સ્થળોએ પર્યટકોની ભારે ભીડ જોવા મળી રહી છે.

ડાંગના પ્રતિનિધિ મુનીરા શેખ જણાવે છે કે, કુદરતી સૌંદર્યથી ભરપૂર સાપુતારા ગિરીમથકે પણ દિવાળી વેકેશનમાં મોટા પ્રમાણમાં પર્યટકો જોવા મળી રહ્યા છે. પર્યટકો પંપા સરોવર, મહાલ તેમજ સાપુતારા ખાતે વિવિધ એડવેન્ચર પ્રવૃત્તિઓ, ઉંટસવારી, ઘોડેસવારીનો આનંદ માણતા જોવા મળી રહ્યા છે.

દેવભૂમિ દ્વારકાના પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે કે, યાત્રાધામ દ્વારકામાં ભકતોનું ઘોડાપૂર ઉમટ્યું છે. આજે ભાઇબીજના દિવસે શ્રદ્ધાળુઓ ગોમતી નદીમાં સ્નાન કરી ધન્યતા અનુભવી રહ્યાં છે. સવારથી જ ભગવાન દ્વારકાધીશના દર્શન માટે ભક્તોની લાંબી કતારો જોવા મળી રહી છે.

અરવલ્લી જિલ્લાના પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, શામળાજી અને દેવાયત પંડિતની સમાધી સ્થળોએ પણ પર્યટકોની ભારે ભીડ જોવા મળી રહી છે. અમદાવાદ-ગાંધીનગર સહિતના રાજયના જુદાજુદા સ્થળેથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ શામળીયાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

## Sixth Puja rush

આગામી છઠ પૂજાના પર્વને લઇને વતન પરત ફરતા મુસાફરોનો ઉધના રેલ્વે સ્ટેશને ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

ઉત્તરપ્રદેશ, બિહાર તેમજ ઝારખંડ સહિતના રાજયોમાં જવા માટે મુસાફરો મોટી સંખ્યામાં રેલ્વે સ્ટેશને ઉમટી પડ્યા છે. 12 કલાકથી વધુ સમય સુધી મુસાફરો લાઇનમાં ઉભા રહ્યા છે.

આ અંગે વધુ માહીતી આપે છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક.

(બાઇટ-વિનીત અભિષેક, પીઆરઓ.WR)

## Patan MP Snehmilan

પાટણ લોકસભાના સાંસદ ભરતસિંહ ડાભીનો નૂતનવર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારોહ આજે પાટણ ખાતે યોજાયો હતો.

આ સ્નેહ સમારોહમાં સાંસદ ભરતસિંહ ડાભીએ સૌને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે શ્રી ડાભીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિકાસની રાજનીતીની સાથે સાથે ગુજરાત સહિત સમગ્ર દેશનો વિકાસ કરી રહ્યાં છે.

આ સમારોહમાં પ્રદેશ ભાજપના અગ્રણી કે.સી.પટેલ સહિત જિલ્લાના આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## BULLET TRAIN CORRIDOR

અમદાવાદ અને મુંબઈ બુલેટ ટ્રેન કોરિડોર અંતર્ગત વાપી અને સુરત વચ્ચેના તમામ 9 બ્રીજનું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું છે. નવસારી જિલ્લામાં ખારેરા નદી પર 29 ઑક્ટોબરના રોજ બ્રીજનું બાંધકામ પૂર્ણ થયું હતું. આ સાથે જ આ વિસ્તારમાં બનનારા તમામ 9 બ્રીજનું કામ પૂર્ણ થયું છે.

ઉલ્લેખનીય છે કે બુલેટ ટ્રેન કોરિડોરના ભાગ રૂપે રાજ્યમાં વિવિધ નદીઓ પર કુલ 20 પૂલ તૈયાર કરવામાં આવનાર છે, જેમાંથી 12 બીજનું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું છે.

વાપી અને સુરત વચ્ચે નવસારીમાં ખારેરા, વલસાડમાં પાર, પુર્ણા, મિંઢોળા, અમ્બિકા, વલસાડમાં ઔરાન્ગા, કોલાક નદી, નવાસારીમાં કાવેરી નદી અને વેગાણિયા નદી પર મળીને કુલ 9 બ્રીજ તૈયાર કરવામાં આવ્યા છે. અન્ય ત્રણ બ્રીજ વડોદરાની ઢાઢર, ખેડાની મોહર, તેમજ વાત્રક નદી પર બનાવવામાં આવ્યા છે.

## Kutch earthquake shock

આજે વહેલી સવારે ભારત-પાકિસ્તાન સરહદે 3.4 ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા છે. ગાંધીનગરના ભૂકંપ સંશોધન કેન્દ્રની યાદી અનુસાર

વહેલી પરોઢે  ચાર વાગે આ વિસ્તારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર બિંદુ કચ્છના લખપતથી 53 કિલોમીટર દૂર નોંધાયું હતું.